॥ सनातन परमो धर्म ॥

# SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR YUVASANGH

# શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

**૧. નામ:–** શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ રહેશે.જે કેન્દ્રીય યુવાસંઘ તરીકે પણ ઓળખાશે.

**૨. ઉદ્દેશો:–** આ સંસ્થા નીચે મુજબના ઉદ્દેશો પાર પાડવા માટે સ્થાપવામાં આવેલ છે

૧. કચ્છ કડવા પાટીદાર સમાજના યુવક તેમજ યુવતીઓને એક સૂત્રે બાંધી સુરક્ષાની સાથે પરસ્પર પ્રેમ, સહકાર, સેવા, સંગઠન તેમજ સામાજીક અને રાષ્ટ્રીય ભાવના કેળવવા.

૨. શિક્ષણ તેમજ અન્ય ક્ષેત્રે જરૂરી દરેક પ્રકારની સહાયતા કરવી–સહાયતા અપાવવા પ્રયત્નો કરવા.

૩. કેન્દ્રીય સમાજે સમયે–સમયે પસાર કરેલા જ્ઞાતિ નિયમોનું પાલન કરાવવા તેમજ સમાજમાં પ્રર્વતતી ધાર્મિક અંધશ્રધ્ધા–કુરિવાજો નાબુદ કરવા. તે માટે યોગ્ય અસરકારક પગલાં લેવા.

૪ સમાજમાં કેળવણીના ફેલાવવાના પ્રયત્નો સાથે કુમાર–કન્યા કેળવણીને વેગ આપવો.

**૩. પ્રવૃત્તિઓ:–** સંસ્થાના ઉદ્દેશો પાર પાડવા નીચે મુજબની પ્રવૃત્તિઓ સમયાનુકૂળ હાથ ધરશે.

૧. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ફેલાયેલ વિશ્વભરમાં યુવા ભાઈ–બહેનોને પરસ્પર પ્રેમ, સહકાર, સેવા અને સંગઠનના સૂત્રે બાંધવા તથા યુવાઓના સર્વાંગી વિકાસ અર્થે સમયાનુસાર અવારનવાર જુદાજુદા સ્થળ સમયે સ્નેહ સંમેલનો, ચર્ચા સભા, ધાર્મિક સભા, યુવા અધિવેશનો, આનંદ મેળા, સાંસ્કૃતિક પ્રદર્શનો, પ્રવાસ પર્યટનો, રમતગમત હરિફાઈ વગેરેનું આયોજન કરશે.

૨. સમાજના યુવાઓમાં રાષ્ટ્રીય ભાવના કેળવવા તેમજ *અન્ય સંસ્થા* સાથે સહકાર સંગઠન વધારવા યોગ્ય પ્રસંગો કરશે તેમજ તેવા પ્રસંગોમાં યુવાઓને ભાગ લેવા પ્રોત્સાહન આપશે.

૩. સમાજમાં કન્યા–કુમાર કેળવણી તેમજ પ્રૌઢ શિક્ષણના પ્રચાર માટે યોગ્ય પગલાં લેશે.

૪. સમાજમાં શિક્ષણનો ફેલાવો કરવા યોગ્ય એવી બધી પ્રવૃત્તિઓ હાથ ધરશે. સમાજના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને શિક્ષણ અપાવવા છાત્રવૃત્તિઓ આપશે તેમજ અપાવશે.

૫. પુસ્તકાલયો, વાંચનાલયો,બુક–બેંકો,મહાવિદ્યાલયો, કુમાર–કન્યા છાત્રાલયો ઈત્યાદિ સમયાનુકૂળ નિર્માણ કરવા જરૂરી જણાય તો સમાજના સહયોગમાં રહી કાર્ય કરશે. તેમજ સંચાલનમાં યોગ્ય મદદ કરશે.

૬. સમાજના નિરાધાર અને અનાથ ભાઈ–બહેનોને યોગ્ય સહાયતા આપશે–અપાવશે.

૭. યુવાસંઘના ઉદ્દેશો પાર પાડવા માટે ફંડ, દાન, અન્ય સ્વીકૃત રીતે નાણાં એકત્રિત કરવાં, સ્થાવર કે જંગમ મિલ્કતો નિર્માણ અથવા બીજી સ્વીકૃત રીતે ખર્ચ કરશે તથા તેવી પ્રવૃત્તિઓ હાથ ધરશે.

૮. કેન્દ્રીય સમાજે સમયે–સમય પસાર કરેલ ઠરાવોને અમલી બનાવવા પ્રયત્નો કરશે. સમાજમાં ચાલતી ધાર્મિક અને ઈત્તર અંધશ્રધ્ધાઓ દૂર કરવા પ્રયાસો કરશે. અવારનવાર ધાર્મિક પ્રવચનો સભાઓનું આયોજન કરી ધાર્મિક જાગૃતી સાથે એકતા કેળવવા પ્રયાસો કરશે.

૯. સમાજમાં જાણે – અજાણે ઘર કરી બેસેલ કુરિવાજોને નાબૂદ કરવા પ્રયાસો કરશે અને તે માટે યોગ્ય જનમત તૈયાર કરવા સભાઓ તેમજ સમાજના ભાઈઓ–બહેનોનો સંપર્ક સાધશે.

૧૦. સમાજે બનાવેલ કોઈ જ્ઞાતિ નિયમ, સમયાનુસાર સમાજ હિતને અનુકૂળ ન જણાય તો સમાજનું ધ્યાન દોરશે. યુવક–યુવતીઓની લાગણીઓ તેમજ પ્રવૃતિનો ખ્યાલ સમાજ સમક્ષ પ્રસ્તુત કરશે. સમાજ સાથે યુવાસંઘનો નાતો સંતાનની ભૂમિકારૂપ પુરક બની એક જ સ્વરૂપમાં કાર્ય કરશે.

૧૧. જયાં જયાં યુવામંડળો ન સ્થપાયા હોય ત્યાં તે સ્થપાય તેવાં જરૂરી પગલાં લેશે.

૧૨. યુવાસંઘના સભ્ય મંડળોનાં આંતરિક અને પરસ્પર કલહ તેમજ મતભેદો નિવારવા મધ્યસ્થી કરશે અને યુવાસંઘનો તે બાબતનો નિર્ણય તેવા મંડળ અથવા મંડળોને માન્ય ગણાશે.

૧૩. સમાજને પ્રગતિને પંથે લઈ જવા, જ્ઞાતિ હિત સાચવવા તેમજ રાષ્ટ્રીય ઉત્થાન માટે જે કોઈ સમયાનુકૂળ યોગ્ય જણાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરશે. દેશના કોઇપણ ભાગમાં આકસ્મિક અથવા કુદરતી આફતો વખતે સામાજીક કે રાષ્ટ્રીય સહયોગ પૂરો પાડશે.

**૪. ક. સ્થાયી ઓફિસ:–** પાટીદાર વિધ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ ખાતે રહેશે.

**ખ. પેટા ઓફિસ:–** કાર્યવાહક સમિતિને જરૂરી અન્ય જગ્યાએ પેટા ઓફિસો રાખી શકશે.